**પંચમહાલના મહેરબાન ત્રીજા એડી. જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ગોધરા.**

ક્રિમિનલ કેસ નં. ૧૪૪૨/૨૦૨૨
આંક – ૦૮

ફરીયાદી :: શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :: ૧) ઈદ્રીસ સુલેમાન હયાત
રહે. સુઢીયા પ્લોટ, સાતપુલ,ગોધરા

ગુનો :: ગુજરાત પશુ સરક્ષણ સુધારા અધિ.૨૦૧૧ના સુધારા ની કલમ ૫,૮,૧૦ પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધી. કલમ ૫ એ,૧૦ મુજબ.

---

**– :: કમીટલ હુકમ :: –**

(૧) આ કામના ફરિયાદી ચીરાગકુમાર કાંતીલાલ, ગો.શ.બી.ડીવી.પો.સ્ટેનાઓએ પોતાની ફરીયાદ હકીકત જાહેર કરતાં સે.ગુ.ર.નં.૧૨૯/૨૦૧૮ થી ગુનો રજીસ્ટર કરી, આ કામના તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ શરૂ કરી, લાગતા વળગતા શાહેદોના નિવેદનો લઈ,તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં ગુજરાત પશુ સરક્ષણ સુધારા અધિ.૨૦૧૧ના સુધારા ની કલમ ૫,૮,૧૦ પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધી. કલમ ૫ એ,૧૦ મુજબ ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં તારીખ ૨૨–૨–૨૦૨૨ ના રોજ રજુ કરતાં તે ચાર્જશીટ ઉપરોકત નંબરથી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો આપવામાં આવી.આરોપીઓ સામે ગુજરાત પશુ સરક્ષણસુધારા અધિ.૨૦૧૧ના સુધારા ની કલમ ૫,૮,૧૦ પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધી. કલમ ૫ એ,૧૦ મુજબના ગુન્હાનો આરોપ છે. સદરહુ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા સ્પેશીયલ કોર્ટ (નામદાર શેશન્સ કોર્ટ) પંચમહાલ મુ.ગોધરાને છે.

(૩) આરોપીઓ અત્રેની કોર્ટમા હાજર થતા તેઓને ક્રી.પ્રો.કોડ.કલમ:૨૦૭ ની જોગવાઈ અનુસાર પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની અંગેની ખાત્રી કરવામા આવી છે અને આંક– ૦૫ થી આરોપીએ નિવેદન આપી જણાવેલ છે કે, તેઓ સ્પેશીયલ કોર્ટ(નામદાર શેશન્સ કોર્ટ) પંચમહાલ મુ. ગોધરા ખાતે ખાનગી વકીલ રોકી બચાવ કરવા માંગે છે.

(૪) આમ,આરોપીઓ સામે ગુજરાત પશુ સરક્ષણસુધારા અધિ.૨૦૧૧ના સુધારા ની કલમ ૫,૮,૧૦ પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધી. કલમ ૫ એ,૧૦ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તાં અત્રેની કોર્ટને ન હોય અને સ્પેશીયલ કોર્ટ (નામદાર શેશન્સ કોર્ટ) પંચમહાલ, મુ.ગોધરાને સત્તા હોય, જેથી હુ આ કેસ કમીટ કરવા નીચે મુજબ હુકમ ફરમાવુ છું.

**– :: હુ ક મ :: –**

હાલનો ફોજદારી કેસ નં.૧૪૪૨/૨૦૨૨નો ક્રી.પ્રો.કોડ.કલમ:૨૦૯ હેઠળ સ્પેશીયલ કોર્ટ (નામદાર શેશન્સ કોર્ટ) પંચમહાલ, મુ.ગોધરા નાઓ સમક્ષ કમીટ કરવાનો હુકમ કરવામા આવે છે.

સદરહું કેસ તથા કેસનું પ્રોસીડીગ્ઝ તથા કેસનો મુદ્દામાલ વિગેરે કમીટ કેલેન્ડર તૈયાર કરી સ્પેશીયલ કોર્ટ (નામદાર શેશન્સ કોર્ટ)પંચમહાલ મુ.ગોધરાને મોકલી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

આરોપી જામીન ઉપર મુકત થયેલા હોવાથી આરોપીને મુદૃત તા.૧૫/૦૭/ ૨૦૨૩ ના રોજ સ્પેશીયલ કોર્ટ (નામદાર શેશન્સ કોર્ટ) ગોધરા ખાતે હાજર રહેવા સમજ આપી.

સદરહુ હુકમની યાદી જિલ્લા સરકારી વકીલશ્રી પંચમહાલ મુ.ગોધરાને કરવી.

સદર હુકમ આજ તારીખ ૧૫ માહે–૦૬ સને–૨૦૨૩ નાદ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૬/૨૦૨૩
ગોધરા.

( એ.વી.વર્મા)
ત્રીજા એડી. જયુડીશીયલ
મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ, ગોધરા
GJ01693